નેશનલ ન્યુટ્રીશન મિશન (NNM) હેઠળની ૦૭
મ્યુનિસિપલ કોર્પોરેશન અને ૯૦ ઘટક કક્ષાની
કુલ ૧૦૪ જગ્યાઓ આઉટસોર્સથી ભરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:ICD/10/2019/605691/B
સચિવાલય, ગાંધીનગર.
તા. ઇ-સાઇન મુજબ.

**વંચાણે લીધા:-**

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૯/૧૯૮/બ-૧, તા.૦૯/૦૮/૨૦૧૯
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૨૧/૫૧૩/બ-૧, તા.૨૪/૦૮/૨૦૨૨
3. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: ICD/10/2019/605691/B, તા.૦૧/૦૩/૨૦૨૫

**આમુખ:**

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી નેશનલ ન્યુટ્રીશન મિશન (NNM) હેઠળની ૦૭ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ૯૦ ઘટક કક્ષાની કુલ-૧૯૪ જગ્યાઓને આઉટસોર્સથી ભરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી NNM હેઠળના ઘટક કક્ષાની તમામ બ્લોક પ્રોજેક્ટ આસિસ્ટન્ટની જગ્યા રદ્દ કરવામાં આવેલ છે. વંચાણે લીધા (૩) પરના ઠરાવથી NNM હેઠળની ઉક્ત જગ્યાઓને તા.૦૯/૦૨/૨૦૨૫ થી વધુ ૧૧ માસ સુધી લંબાવવાની મંજૂરી આપવામાં આવેલ હતી. તે મુદત તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ પૂર્ણ થયેલ હોવાથી ઉક્ત આઉટસોર્સની સેવાઓ વધુ ૧૧ માસ લંબાવવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**//ઠરાવ//**

NNM હેઠળની ૦૭ મ્યુનિસિપલ કોર્પોરેશનની ૧૪ જગ્યાઓ અને ૯૦ ઘટક કક્ષાની ૯૦ જગ્યાઓ એમ નીચે મુજબની કુલ ૧૦૪ જગ્યાઓની આઉટસોર્સની સેવાઓ મુદત પૂર્ણ થયા તા.૦૯/૦૧/૨૦૨૬ થી વધુ ૧૧ માસ માટે એટલે કે તા.૮/૧૨/૨૦૨૬ સુધી સરકાર માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | માસિક મહેનતાણું (રૂ.) (અન્ય ચાર્જિસ સિવાય) |
|---|---|---|---|
| ૧ | ડિસ્ટ્રીક્ટ કો-ઓર્ડીનેટર (DC) | ૦૭ | ૩૦,૦૦૦ |
| ૨ | ડિસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ આસિસ્ટન્ટ (DPA) | ૦૭ | ૧૮,૦૦૦ |
| ૩ | બ્લોક કો-ઓર્ડીનેટર (BC) | ૯૦ | ૨૦,૦૦૦ |
| | કુલ | ૧૦૪ | |

ઉક્ત જગ્યાઓની આઉટસોર્સની મુદત પૂર્ણ થયેથી વધુ ૧૧ માસ હેતુ આઉટસોર્સથી સેવાઓ મેળવવા

વિભાગ મારફત નાણા વિભાગની મજૂરી મેળવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૩/૦૧/૨૦૨૬ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઈ-સાઈન

આર.આર. પ્રજાપતિ

સેકશન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. કમિશ્નરશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. સંબંધિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન...........
6. સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.
7. વિભાગીય નાયબ નિયામકશ્રીની કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ.
8. સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.........
9. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ રાજકોટ.
10. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
11. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
12. નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
13. શાખા સિલેકટ ફાઇલ-૨૦૨૬

Signature Not Verified
Signed by : Rakeshkumar Prajapati
Section Officer
Women and Child Development Department
Date : 2026.02.11 14:56:19 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign